# સા.વિજ્ઞાન



## ધોરણ-૮

**દ્વિતીય સત્ર**

## વાર્ષિક માસવાર આયોજન

વર્ષ - ૨૦૨૪/૨૫



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

**નવેમ્બર માસનું પાઠ આયોજન**
**૫. અંગ્રેજી શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા**

**અધ્યયન નિષ્પતિ :**

SS817 ભારતમાં નવી શિક્ષણ પદ્ધતિમાં સાંસ્કૃતિક વિશ્લેષણ કરે છે.

SS818 જાતિવાદ, મહિલાઓના વિધવા પુનઃ લગ્ન, બાળ લગ્નો, સામાજિક સુધારણાઓનામુ દાઓ, સંસ્થાઓ માટેના સંસ્થાનવાદી વહીવટી તંત્રના કાયદાઓનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રાચીન વિદ્યાપીઠો
- ભારતમાં શિક્ષણની સ્થિતિ
- પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા
- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
- ઉચ્ચ અને ટેનિકલ શિક્ષણ
- વ્યાવસાયિક શિક્ષણ
- સ્ત્રી શિક્ષણ
- અગ્રગણ્ય શિક્ષણ સુધારકો
- મહાત્મા ગાંધીના શિક્ષણ અંગેના વિચારો
- રવિન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારો
- અંગ્રેજ શાસન દરમિયાન
- સામાજિક સુધારા
- સુધારક સંસ્થાઓ અને સામાજિક સુધારા
- બાળલગ્ન, કન્યા કેળવણી, વિધવા વિવાહ
- રામકૃષ્ણ મિશન અને સ્વામિ વિવેકાનંદ
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ફોટોગ્રાફ્સ

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભારતની પ્રાચીન વિદ્યાપીઠો તથા શિક્ષણ વ્યવસ્થા વિશે જણાવીશ. ભારતમાં શિક્ષણની સ્થિતિ વિશે જણાવીશ. પ્રારંભિક શિક્ષણ વ્યવસ્થા વિશે માહિતી આપીશ. પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા કેવી હતી એ અંગે જણાવીશ. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની વ્યવસ્થા જણાવીશ. ચર્ચા- પ્રશ્નોત્તરી કરશે. વ્યાવસાયિક શિક્ષણ વિશે જણાવી તેના કેન્દ્રોની માહિતિ આપીશ. સ્ત્રી શિક્ષણની પરિસ્થિતિ જણાવીશ. અગ્રગણ્ય શિક્ષણ સુધારકો જણાવી તેમણે કરેલા સુધારાઓ અંગે માહિતિ આપીશ. મહાત્મા ગાંધીના શિક્ષણ અંગેના વિચારો કેવા હતા તે જણાવીશ. ચર્ચા કરીશ. રવિન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચાર કેવા હતા તે જણાવીશ. ચર્ચા કરીશ. અંગ્રેજ શાસન દરમ્યાન સામાજિક સુધારા કયા થયા તે જણાવીશ. વિવિધ સુધારક સંસ્થાઓ એ સામાજીક સુધારા કર્યા તેની વિસ્તૃત જાણકારી આપીશ. બાળલગ્ન, કન્યા કેળવણી અને વિધવા વિવાહ અંગે થયેલા સુધારાઓ જણાવીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. રામકૃષ્ણ મિશન સંસ્થાએ તથા સ્વામી વિવેકાનંદે કરેલા સુધારાઓ જણાવીશ. તેમણે આપેલ ઉપદેશ જણાવીશ. સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :** -

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૨. ઉદ્યોગો

**અધ્યયન નિષ્પતિ :**

SS801 વિવિધ ઉદ્યોગોનું તેના કદ, કાચા માલ અને માલિકીના આધારે વર્ગીકરણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-ઉદ્યોગો અર્થ અને સંકલ્પના
-ઉદ્યોગનું વર્ગીકરણ
-કાચા માલના આધારે
-માલિકીના આધારે
-ઉદ્યોગોનાં સ્થાનીકરણ પર અસર કરનારા પરિબળો.
-ઔદ્યોગિક પ્રદેશ
-મુખ્ય ઉદ્યોગોનું વિતરણ
-લોખંડ-પોલાદ ઉદ્યોગ
-ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટિસ્કો),
-જશેદપુર
-પિટ્સબર્ગ
-સુતરાઉ કાપડ ઉદ્યોગ
-અમદાવાદ "ભારતનું માન્ચેસ્ટર" સુતરાઉ કાપડ નિર્માતા નગર
-"ઓસાકા" જાપાનનું કાપડ ઉત્પાદન કેન્દ્ર
-માહિતિ તકનિકી
-સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ફોટોગ્રાફ્સ

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને "ઉદ્યોગ" શબ્દનો અર્થ અને સંકલ્પના સમજાવીશ. ઉદ્યોગોનું વર્ગીકરણ કાચા માલના આધારે અને માલિકીના આધારે વિભાજિત કરવામાં આવે છે તેની વિસ્તૃત માહિતિ ઉદાહરણ સહિત આપીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. ઉદ્યોગોનાં સ્થાનીકરણ પર અસર કરનારા પરિબળો અંગે જણાવીશ માહિતિ આપીશ. ઔદ્યોગિક પ્રદેશ વિશે જણાવીશ. મુખ્ય ઉદ્યોગો વિશે જણાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. લોખંડ - પોલાદ ઉદ્યોગ અંગે માહિતિ આપીશ. ટાટા આર્યન એન્ડ સ્ટીલ કંપની (ટિસ્કો) જમશેદપુર વિશે માહિતી આપીશ. અમેરિકાનું "પિટસબર્ગ" મહત્વનું લોખંડ પોલાદ ઉદ્યોગના નગર વિશે માહિતિ આપીશ. વિદ્યાર્થીઓને સુતરાઉ કાપડ ઉદ્યોગ વિશે માહિતિ આપીશ. અમદાવાદમાં સુતરાઉ કાપડ ઉદ્યોગના વિકાસની માહિતિ આપીશ. જાપાનના મહત્વના કાપડ ઉત્પાદનના કેન્દ્ર વિશે જણાવીશ. ચર્ચા પ્રશ્નોત્વી કરીશ. માહિતી તકનિકી વિશે માહિતિ આપીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :**

-શાળા પ્રવાસ દરમિયાન કોઈ "ઔદ્યોગિક" એકમની મુલાકાત લો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૬. સ્વાતંત્ર્ય ચળવળો

**અધ્યયન નિષ્પતિ :**

SS820 ઈ.સ. ૧૮૭૦થી આઝાદી કાળ સુધીના ભારતીય ચળવળના સીમાચિહ્નો દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ
-હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સ્થાપના
-ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ
-વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃતિતઓ
-માનગઢ હત્યાકાંડ
-ગાંધીજીનું હિંદમાં આગમન
-ચપારણ સત્યાગ્રહ
-ખેડા સત્યાગ્રહ
-રોલેટ એક્ટ (૧૯૧૯)
-જલિયાવાલા બાગનો હત્યાકાંડ
-અસહકાર આંદોલન
-સાયમન કમિશનનો બહિષ્કાર અને નેહરૂ અહેવાલ
-પૂર્ણ સ્વરાજનો ઠરાવ
-દાંડીકૂચ
-હિન્દ છોડો આંદોલન
-સુભાષચંદ્ર બોઝ અને આજાદ હિંદ ફોજ
-સ્વાતંત્ર્યપ્રાપ્તિ તરફ પ્રયાણ
-સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ફોટોગ્રાફ્સ

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ વિશે જણાવીશ. રાષ્ટ્રવાદી વિચારધારાના નિર્માણ થવા માટે કયાં કયાં પરિબળો કે પરિસ્થિતિઓ જવાબદાર હતી તે વિશે જણાવીશ. હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ) ની સ્થાપના તથા તેના કાર્યો અંગે જણાવીશ. ભારતમાં થયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશે જણાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. વિદેશમાં થયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશે જણાવી ચર્ચા કરીશ. માનગઢ હત્યાકાંડ વિશે માહિતિ આપીશ. ગાંધીજીનું હિંદમાં આગમન ક્યારે થયું તથા ત્યારબાદ તેમણે કરેલી પ્રવૃત્તિઓ વિશે જણાવીશ. ચંપારણ સત્યાગ્રહ વિશે જણાવિશ. ચર્ચા કરીશ. ખેડા સત્યાગ્રહ વિશે જણાવીશ. ચર્ચા કરીશ.રોલેટ એક્ટ વિશે જણાવીશ. જલિયાવાલા બાગનો હત્યાકાંડ કેવી રીતે થાય તે અંગે જાણકારી આપીશ. અસહકાર આંદોલન ક્યારે થયું તે અંગે વિસ્તૃત જાણકારી આપીશ. સાયમન કરો. કમિશનનો બહિષ્કાર અને નેહરૂ અહેવાલ અંગે જણાવીશ. પૂર્ણ સ્વરાજનો ઠરાવ વિશે જણાવીશ. મીઠાના અન્યાયી કાયદા માટે ગાંધીજીએ કરેલ દાંડીકૂચ યાત્રા વિશે માહિતિ આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. હિન્દ છોડો આંદોલન વિશે જણાવીશ સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજની કામગીરી વિશે માહિતિ આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ તરફ પ્રયા વિશે જણાવીશ. ચર્ચા કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

-તમારા જિલ્લા શહેરના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે માહિતિ એકત્ર કરો.

-ગાંધીજીના સત્યાગ્રહો પર એક હસ્તલિખિત અંક તૈયાર કરો.

-ભારતના ક્રાંતિકારીઓના જીવનચરિત્ર આધારિત હસ્તલિખિત અંક તૈયાર કરો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન

## 13. માનવ સંસાધનો

**અધ્યયન નિષ્પતિ :**

SS803 દુનિયાના નકશામાં વસતીના અસમાન વિતરણનું અર્થઘટન કરે છે.

SS810 વિવિધ દેશો/ભારત/રાજ્યોની વસતી દર્શાવવા માટે સ્તંભ આલેખ દોરે છે, જે ભારતીય ઉપખંડના વિવિધ પ્રદેશો અને વ્યાપક વિકાસ માટે વપરાયેલા સ્ત્રોતો નામ કરણોના ઉપયોગ દ્વારા મધ્યયુગીન અને પ્રાચીન સમયથી આધુનિક સમયગાળાને અલગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-માનવ સંસાધન

-વસ્તીનું વિતરણ

-વસ્તી- ગીચતા

-વસ્તી - વિતરણને અસર કરનારાં પરિબળો : ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિબળો

-વસ્તીનું સ્થાનિક વિતરણ

-વિશ્વકૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે

-સ્ત્રી-પુરૂષનું પ્રમાણ

-સાક્ષરતા

-સ્વાધ્યાય - ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

-ભારતના વિવિધ રાજ્યોમાં વસ્તી ગીચતાનો ચાર્ટ

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને માનવ સંસાધન વિશે જણાવીશ. વસ્તીનું વિતરણ વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરીશ. વિસ્તૃત માહિતિ આપીશ. વસ્તી - ગીચતાની વ્યાખ્યા સમજાવીશ. વસ્તી-ગીચતા શોધવાનું સૂત્ર ઉદાહરણ દ્વારા સમજાવીશ. વર્ષ- ૨૦૧૧માં ભારતનાં વિવિધ રાજ્યોની વસ્તી-ગીચતા જણાવીશ. વસ્તી વિતરણને અસર કરનારા પરિબળોમાં ભૌગોલિક પરિબળો જણાવીશ. ચર્ચા કરીશ. વસ્તીનું સ્થાનિક વિતરણ ભારતના વિવિધ રાજ્યોમાં કેવું છે તે જણાવીશ. વિશ્વકૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રથી માહિતિગાર કરીશ. સ્ત્રી- પુરૂષનું પ્રમાણની સમજ ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશ. સ્ત્રી - પુરૂષનું પ્રમાણ શોધવાનું સૂત્ર સમજાવીશ. વિવિધ રાજ્યોના સ્ત્રી-પુરૂષના પ્રમાણ ની વાત કરીશ. સાક્ષરતાની વ્યાખ્યા સ્પષ્ટ કરીશ. સાક્ષરતા દર શોધવાનું સૂત્ર સમજાવીશ. વિવિધ રાજ્યોના સાક્ષરતા દર વિશે વાત કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

-

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૧૭. ન્યાયતંત્ર

**અધ્યયન નિષ્પતિ :**

SS827 કાયદા ઘડવાની પ્રક્રિયાનું વર્ણન કરે છે. (દા.ત. ઘરેલું હિંસાનો કાયદો, RTE, RTI)

SS828 ભારતીય ન્યાય પ્રણાલીની કાર્ય પદ્ધતિઓને સમજવા કેટલાક સીમા ચિહ્ન રૂપ ચુકાદાઓની નોંધ કરે છે.

SS829 FIR કઈ રીતે નોંધાય તેનો નિદર્શન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ન્યાયતંત્ર શા માટે ?
-ન્યાયતંત્રનું માળખું
-ગલુકા અદાલત
-જિલ્લા અદાલત સત્તા અને કાર્યો
-વડીઅદાલત (High Court), સત્તા અને કાર્યો
-સર્વોચ્ચ અદાલત, સત્તા અને કાર્યો
-નઝીરી અદાલત
-ન્યાયતંત્રની સ્વતંત્રતા
-ન્યાયતંત્રની જરૂરિયાત
-જાહેરતની અરજી
-લોક અદાલત :- સ્થાપના, ઉદ્દેશ, ફાયદાઓ
-પ્રથમ દર્શિત નોંધ (F.I.R.)

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ન્યાય દેવીનું ચિત્ર
- ગુજરાતની વડી અદાલત દિલ્હી - સર્વોચ્ચ ના ચિત્રો

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર શા માટે હોય છે ? તે જણાવીશ. ન્યાયતંત્રનું માળખું સમજાવીશ. તાલુકા અદાલત, જિલ્લા અદાલત વિશે તથા તેની સત્તા અને કાર્યો વિશે જણાવીશ. ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. નઝીરી અદાલત વિશે માહિતિ આપીશ. ન્યાયતંત્રની સ્વતંત્રતા વિશે જણાવીશ. ન્યાયતંત્રની જરૂરિયાત શા માટે હોય છે તેની ઉદાહરણ દ્વારા ચર્ચા કરીશ. જાહેર હિતની અરજી ક્યારે કરવામાં આવે છે તે અંગે ચર્ચા કરીશ. લોકઅદાલતની સ્થાપના તથા લોક અદાલતના ફાયદાઓ વિશે જણાવીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. F.I.R. (પ્રથમ દર્શિત નોંધ) કોને કહેવાય છે ? તેની વિસ્તૃત જાણકારી આપીશ. ન્યાયિક ચુકાદા અને ભારતીય અંગે જાણકારી આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો ચર્ચા કરીશ અને લખવા આપીશ.

**પ્રવૃત્તિ :**

-શાળામાં મોક અદાલતનો કાર્યક્રમ ગોઠવો.
-નજીકના પોલીસ સ્ટેશનની મુલાકાત ગોઠવો.
-અદાલતો દ્વારા અપાયેલા મહત્ત્વના ચુકાદાઓ વિશે સમાચાર પત્રોમાંથી કટિંગ્સ કરી અંક બનાવો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૭. આધુનિક ભારતમાં કલા

**અધ્યયન નિષ્પતિ :**

SS819 આધુનિક સમયમાં કલાક્ષેત્રમાં થયેલા સીમાચિહ્ન વિકાસને દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કલા તથા કલાના ભાગ (૧) દશ્યકલા (૨) પ્રદર્શિત કલા

-ચિત્રકલા

-ચિત્રકલાનો ઈતિહાસ

-ચિત્રકલાની વિવિધ પદ્ધતિ

-વિભિન્ન ચિત્ર શૈલીઓ (ચિત્રકલાઓ) (૧) પાલ શૈલી (૨) જૈન શૈલી (૩) રાજપૂત શૈલી (૪) મુઘલ શૈલી (૫) કાંગડા શૈલી (૬) અન્ય ચિત્ર શૈલીઓ

-નોંધપાત્ર ચિત્રકારો

- કલાગુરૂ રવિશંકર રાવળ
- રાજા રવિવર્મા
- રવિન્દ્રનાથ ટાગોર
- અવનીન્દ્રનાથ ટાગોર
- સ્વાધ્યાય ચર્ચા
- પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ફોટોગ્રાફ્કસ

-વિવિધ શૈલી ના ચિત્રો

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને કલા તથા કલાના ભાગ વિશે જણાવીશ. વિવિધ કલાઓ વિશે જણાવીશ. 'ચિત્રકલા" વિશે જણાવી ચિત્રકલાના ઇતિહાશ વિશે માહિતિ આપીશ. ચર્ચા કરીશ. ચિત્રકલાની વિવિધ પદ્ધતિ જણાવીશ. વિભિન્ન ચિત્ર શૈલીઓ (ચિત્ર કલા) માં (૧) પાલ શૈલી (૨) જૈન શૈલી (૩) રાજપૂત શૈલી (૪) મુઘલ શૈલી (૫) કાંગડા શૈલી (૬) અન્ય ચિત્ર શૈલીઓ વિશે વિસ્તૃત જાણકારી આપીશ. વિવિધ ચિત્રકારોમાં કલાગુરૂ રવિશંકર રાવળ, રાજા રવિવર્મા, રવિન્દ્રનાથ ટાગોર અને અવનીન્દ્રનાથ ટાગોર વિશે પરિચય આપીશ. તેમના પ્રસિદ્ધ ચિત્રોની જાણકારી આપીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે.

**પ્રવૃત્તિ :**

-વિવિધ દોરેલા ચિત્રોનો સંગ્રહ કરો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૮. સ્વતંત્રતા પછીનું ભારત

**અધ્યયન નિષ્પતિ :**

SS821 રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સીમાચિહ્ન રૂપ કાર્યોનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-હિંદ સ્વાતંત્ર્ય ધારો

-ભારતનું વિભાજન અને નિરાશ્રિતોનો પુન: વસવાટ

-દેશી રાજ્યોનું એકીકરણ અને વિલીનીકરણ

-રાજ્યોની રચના અને પુન:રચના

-ફ્રેન્ચ અને પોર્ટુગીઝ સંસ્થાઓનું ભારત સંઘમાં વિલીની કરણ

-પંચવર્ષીય યોજનાઓ અને ભારતનો આર્થિક વિકાસ

-વર્તમાનમાન ભારત આશા અને વિકાસ

-સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ભારતનો નક્શો

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને હિન્દ સ્વાતંત્ર્યધારા વિશે વિસ્તૃત સમજ આપીશ. ભારતનું વિભાજન (ભારત-પાકિસ્તાનના ભાગલા) વિશે માહિતિ આપીશ. નિરાશ્રિતોના પુન:વસવાટ કેવી રીતે થયો તેની વિગતે ચર્ચા કરીશ. ૫૬૨ જેટલા દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કેવી થયું તેની વિસ્તૃત સમજ આપીશ. રાજ્યોની રચના અને પુન: રચના વિશે જાણકારી આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. ફ્રેંચ અને પોર્ટુગીઝ સંસ્થાઓનું ભારત સંઘમાં વિલીનીકરણ કેવી રીતે થયું તે અંગે વિસ્તૃત જાણકારી આપીશ. ભારતદેશ ના વિકાસ માટે પંચવર્ષિય યોજનાઓ અમલમાં મૂકી તે અંગે જણાવીશ. તેનો વિકાસ હાલ કેવો છે ? તે અંગે જાણકારી આપીશ. ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :**

-"મહાગુજરાત ચળવળ" વિશે તમારા ઘરના વડીલ પાસેથી માહિતિ મેળવો.

-આઝાદી પછી ભારતના વિકાસ પર સચિત્ર માહિતિ સાથેનો હસ્તલિખિત અંક તૈયાર કરો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

### ૧૮. સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા

**અધ્યયન નિષ્પતિ :**

SS823 આપેલ પરિસ્થિતિમાં પ્રોત્સાહન, રક્ષણ અને ઉલ્લંઘનના સંદર્ભમાં મૂળભૂત અધિકારો અંગેની જાણકારીનો ઉપયોગ કરે છે. (દા.ત. બાળ અધિકારો)

SS830 પોતાના વિસ્તારના વંચિતો અને પીડિતોના કારણો અને પરિણામોનું પૃથ્થકરણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-"સામાજિક ન્યાય"ની સમજ

-સામાજિક અસમાનતા

-સામાજિક ન્યાયના પ્રયાસો

-સામાજિક અસમાનતા અને આર્થિક સ્થિતિ

-સામાજિક ન્યાય માટે સરકારી યોજનાઓ

-માનવ-અધિકાર

-બાળ અધિકાર

-સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સામાજિક ન્યાયની સમજ આપીશ. સામાજિક અસમાનતા વિશે સમજાવીશ. સામાજિક ન્યાયના પ્રયાસો માટે બંધારણીય જોગવાઈઓ કઈ છે ? તે જણાવીશ. ચર્ચા કરીશ. સામાજિક અસમાનતા અને આર્થિક સ્થિતિ વિશે ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. સામાજિક ન્યાય માટે સરકારી યોજનાઓ કઈ કઈ છે તે જણાવી ચર્ચા કરીશ. માનવ અધિકાર એટલે શું ? માનવ અધિકારો કયા કયા છે તે જણાવી

વિકૃત ચર્ચા કરીશ. બાળ અધિકાર એટલે શું ? તે સમજાવીશ. બાળ અધિકારો કયા કયા છે ? તે જણાવી ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

-સમાજના કયા વર્ગોના વિકાસ માટે કામગીરી કરવાની જરૂર છે? સ્થાનિક લોકો પાસેથી માહિતિ મેળવો

-સામાજિક ન્યાય માટે સરકાર તરફથી કઈ કઈ યોજના ઓ અમલમાં છે? તે જાણો.

-સમાજમાં બાળકોનું શોષણ થતું હોય તેવી તમારા ધ્યાન માં આવેલ બાબતો જાણી નોંધ કરો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન
## ૧૪. આપત્તિ વ્યવસ્થાપન

**અધ્યયન નિષ્પતિ :**

SS804 દાવાનળ, ભૂસ્ખલન, ઔદ્યોગિક હોનારત અને તેમના ભયસ્થાનોનું માપન કરી તેના ઉપાયો શોધશે.

**શૈક્ષણિક મુદ્દા :**

-આપત્તિ એટલ શું ?

-આપત્તિના પ્રકાર (૧) કુદરતી આપત્તિ (૨) માનવસર્જિત આપત્તિ

-સ્વાધ્યાય ચર્ચા - પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- આપત્તિના ચાર્ટ્સ
- ચિત્રો
- ભારતનો નક્શો

**શિક્ષક – વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આપત્તિ એટલે શું ? સમજાવીશ. આપત્તિના પ્રકારો જણાવી કુદરતી આપત્તિમાં દાવાનળ, ભૂસ્ખલન, તીડ પ્રકોપ, મહામારી વિશે વિસ્તૃત જાણકારી આપીશ. ચર્ચા - પ્રશ્નોત્તરી કરીશ. પૂર, વાવાઝોડું, ત્સુમાની, જવાળામુખી વિશે માહિતિ આપીશ. માનવસર્જિત આપત્તિમાં ઔદ્યોગિક અકસ્માત વિશે જણાવીશ. હુલ્લડ, આગ, બોમ્બ વિસ્ફોટ વિશે માહિતિ આપીશ. ચર્ચા - પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

-શાળામાં માટી કે પ્લાસ્ટર ઓફ પેરિસ નું ભૂસ્ખલનનું મોડેલ બનાવો.

-ભારતના નકશામાં ભૂસ્ખલનની શક્યતાવાળા પ્રદેશો નકશામાંથી શોધો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન
## ૧૯. સામાજિક અને આર્થીક ક્ષેત્રે સરકારની ભૂમિકા

**અધ્યયન નિષ્પતિ :**

SS831 પાણી, સ્વચ્છતા, માર્ગ અને વીજળી વગેરે જેવી જાહેર સુવિધાઓ પુરી પાડવામાં સરકારની ભૂમિકા ઓળખે છે અને તેની ઉપલબ્ધતા વિશે જાણે છે.

SS832 આર્થિક પ્રવૃતિઓના નિયમનમાં સરકારની ભૂમિકા ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-ભારતની સમાજ વ્યવસ્થાનું નિર્માણ

-મૂળભૂત જરૂરિયાતો

-જરૂરિયાતો પૂર્ણ કરવાના પ્રયત્નો

-શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રો

-અન્ય ક્ષેત્રો અને સરકાર

-સરકારી યોજનાઓ અને અર્થતંત્ર

-સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

**શિક્ષક – વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભારતની સમાજ વ્યવસ્થાનું નિર્માણ માટે શું કરવું જોઈએ ત અંગે જણાવીશ. મૂળભૂત જરૂરિયાતો કેવી હોવી જોઈએ તે જણાવીશ. જરૂરિયાતો પૂર્ણ કરવા પ્રયત્નો કેવા કેવા હોઈ શકે તે અંગે જણાવીશ. ચર્ચા કરીશ. શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્રો વિશે જણાવીશ. પ્રશ્નોત્તરી કરીશ. સામાજિક વિકાસ દ્વારા જીવન પરિવર્તન કેવી રીતે થાય છે તે અંગે જણાવી ચર્ચા કરીશ. અન્યક્ષેત્રો અને સરકારની ભૂમિકા સમાજના તમામ સરકારી યોજનાઓ અને અર્થતંત્ર વિશે જણાવીશ. સરકાર આવક કેવી રીતે ઊભી કરે છે તે જણાવીશ ચર્ચા કરીશ. આવકમાંથી લોકકલ્યાણનાં કયા કયા કાર્યો કરે છે તે જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :**

-ગામડામાં પચાસ વર્ષ પહેલાની સ્થિતિ ગામના વડીલો પાસેથી જાણો.

-તમારા નગર ગામ ને સ્વચ્છ રાખવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા શું કરે છે તે જાણો

-લોકોની સુવિધા માટેની વિવિધ સરકારી યોજનાઓની માહિતિ મેળવો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.